# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૨૧ ઓગસ્ટ, ૨૦૨૬

### ૪૨૮.જાહેર સાહસો માટેની સમિતિની બેઠક:

જાહેર સાહસો માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિની ઉક્ત બેઠકની શરૂઆતમાં સમિતિએ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના **બીજા અહેવાલ**માં સમાવિષ્ટ ભલામણના ફકરા ક્રમાંક: **૫** સંબંધમાં **ઉદ્યોગ અને ખાણ વિભાગ** હસ્તકના **ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**ના પગલાંના પત્રકોની તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠકમાં પેંન્ડિગ રાખેલ તપાસ હાથ ધરી કોર્ટના નિર્ણયની સમિતિને જાણ કરવાની શરતે તપાસ પૂરી કરી હતી. ત્યારબાદ ભારતના સી.એ.જી.ના **સન–૨૦૧૮–૧૯ના** વર્ષના જાહેર સાહસ ક્ષેત્રના ઉપક્રમો અંગેના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** હસ્તકના **ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ** તથા તેની સબસીડીયરી કંપની– **GSECL**ના **પ્રકરણ–૧**ના **ઓડિટ ફકરા ક્રમાંક: ૧.૧, ૧.૨, ૧.૩, ૧.૪, ૧.૫, ૧.૬, ૧.૭, ૧.૮, ૧.૯, ૧.૧૦, ૧.૧૧, ૧.૧૨, ૧.૧૩, ૧.૧૪, ૧.૧૫, ૧.૧૬, ૧.૧૭, ૧.૧૮, ૧.૧૯, ૧.૨૦** અને **૧.૨૧** ના ખુલાસાઓ સંબંધે તપાસ હાથ ધરી સુચનો સહિત પ્રકરણ–૧ની તપાસ પૂર્ણ કરી હતી. ત્યારબાદ **પ્રકરણ–૨**ના **ઓડિટ ફકરા ક્રમાંક: ૨.૧, ૨.૨.૧** અને ૨.૨.૨ના ખુલાસા સંબંધે તપાસ હાથ ધરી સુચનો સહિત ઉક્ત ફકરાઓની તપાસ પૂરી કરી હતી. સમિતિએ **ઓડિટ ફકરા ક્રમાંક: ૨.૨.૩થી** બાકીના ઓડિટ ફકરાઓની તપાસ આગામી બેઠકમાં રાખવાનું નક્કી કર્યું હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**